# એડવોકેટ ભુલાભાઈ દેસાઈ


૧૩/૧૦/૧૮૭૭ – ૦૬/૦૫/૧૯૪૬

આજે એમની જન્મ જયંતિ છે. ભારતમાં બ્રીટીશ ન્યાય તંત્રની શરુઆત થઈ ત્યારથી આજ સુધીના સર્વોત્તમ વકીલો પૈકી ના એક એવા ભુલાભાઈ દેસાઈ - વલસાડના અનાવિલ , સ્વાતંત્ર્ય સેનાની , એઓ અને એમના પટ્ટ શિષ્ય (એડવોકેટ) કનૈયાલાલ મુનશી : આ બે વ્યક્તિઓ પુ ગાંધીજીના સાથીઓ ખરા પણ ગાંધીજીની અતાર્કીક અને તરંગી વાતોમાં આવ્યા ન હતા. પુ ગાંધીજી એમના દરેક સાથીદાર ને ભણતર, નોકરી ધંધો, વ્યવસાય છોડીને આઝાદીની લડતમાં આવવાની ફરજ પાડતા જે માટે આ બે વ્યક્તિઓની વ્યવસાય છોડીને આવવાની સ્પષ્ટ ના હતી.

મોન્ટેગ્યુ- ચેમ્ફોર્ડ સુધારા પછી જ્યારે સેન્ટ્રલ એસેમ્બલી બની - કેન્દ્રિય ધારાસભા- જે જુના સંસદ ભવન માં મળતી હતી, તેમાં શરુઆતમાં ગુજરાતના પ્રતિનિધિ સ્વ વિઠ્ઠલભાઈ ( વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ) ના અવસાન પછી ગુજરાતનું પ્રતિનિધિત્વ (૧૯૩૫ થી ૧૯૪૫ - ૧૦ વરસ ) કર્યું હતું. અને સ્વ મોતીલાલ નહેરુ ના સ્થાને સંસદીય પક્ષમા નેતા બન્યા હતા . ૧૯૩૨ માં કોંગ્રેસ કેન્દ્રીય કારોબારીમાં પ્રમુખ જવાહરલાલ નહેરુએ છ સમાજવાદીઓની નિયુક્તિ કરી તેની સામે સરદાર વલ્લભભાઈએ સ્વ ભુલાભાઈ દેસાઈની નિયુક્તિ કરી હતી. સમાજવાદ બાબતે એઓ સ્પષ્ટ હતા કે સમાજવાદ માં સામુહીક આર્થિક અદેખાઈ સિવાય બીજું કશું નથી . પુ ગાંધીજીએ ૧૯૧૫ થી ૧૯૪૭ - ૩૨ વરસ આઝાદીની ચળવળ ચલાવી પણ કદી લોકશાહી માં ચુટાયા ન હતા. સ્વ ભુલાભાઈ દેસાઈ ની સુદીર્ઘ જાહેર કારકિર્દી. એમની જીવનકથા નો અને અન્ય સંદર્ભ ગ્રંથો નો અભ્યાસ કરતા જણાયું કે નવજીવન પ્રકાશિત ગાંધી સાહીત્ય- આઝાદીનો ઈતિહાસ વિગેરે માં સ્વ ભુલાભાઈ દેસાઈને ભારેભાર અન્યાય થયો છે અને એમને જાણ્યા પછી સમજ પડી કે સ્વ મોરારજીભાઈ સત્યવાદી ગાંધીજન ખરા પરંતુ Over rated, ભુલાભાઈ દેસાઈ મુંબઈકોંગ્રેસ પ્રમુખ હતા ત્યારે ૮૦ કોટન ટેક્ષટાઈલ મીલોને સ્વદેશી સુત્ર વાપરવા ફરજ પાડેલી અને એ બદલ અઢી વરસ જેલ ભોગવેલી. ૧૯૪૨ - ભારત છોડો- સમયે કોંગ્રેસના પુ ગાંધીજી સરદાર સાહેબ અને જવાહરલાલ નહેરુ સહીત દેશના પ્રથમ પંક્તિના દસ નેતાઓ ને જેલવાસ થયેલો ત્યારે ફક્ત રાજાજી રાજગોપાલાચારીજી અને ભુલાભાઈ દેસાઈ જ બહાર રહ્યા હતા. દુખદ વાત એ છે કે મોરારજીભાઈ ભક્ત થયેલા આપણે અને એમનું વલસાડ પણ એમને યાદ નથી કરતું .

- ડો. સીએ વિનોદભાઈ જી. દેસાઈ, નવસારી

૧૩-૧૦-૨૦૨૩